# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સોમનાથ મંદિરમાં દર્શન કરી ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના છ આર્થિક પ્રદેશો માટેના 'પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન'નું અનાવરણ કર્યું.**
3. **કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું, ઉત્તર ગુજરાત, સમગ્ર દેશમાં ઇતિહાસ, સ્થાપત્ય અને પુરાતત્વમાં સૌથી સમૃદ્ધ.**
4. **ઓક્ટોબરમાં રાજ્યનું લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઉપર રહેવાની શક્યતા.**
5. **મહારાષ્ટ્રમાં યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં અમદાવાદના ધ્યેય શાહે કાંસ્ય ચંદ્રક મેળવ્યો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ GUJARAT VISIT

રાજ્યના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની પણ મુલાકાત લેશે અને સાસણગીરમાં સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

સુશ્રી મુર્મૂ આવતીકાલે દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરશે. ત્યારબાદ તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. સુશ્રી મુર્મુ ગઇકાલે સાંજે રાજકોટ પહોંચ્યા હતા.

# CM MASTER PLAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના છ આર્થિક પ્રદેશો માટેના 'પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન'નું અનાવરણ કર્યું. છ પ્રાદેશિક માસ્ટર પ્લાન હેઠળ 500થી વધુ પ્રોજેક્ટ્સમાં 15 લાખ કરોડથી વધુના જાહેર અને ખાનગી મૂડીરોકાણનું આયોજન કરાયું છે.

આ છ પ્રદેશોમાં ઉત્તર ગુજરાત, કચ્છ, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો અને સુરતનો સમાવેશ કરાયો છે. આર્થિક વૃદ્ધિનો લાભ યુવાનોને મળે તે સુનિશ્ચિત કરવા માટે, દરેક પ્રદેશમાં ઉદ્યોગના સહયોગથી સ્થાનિક કૌશલ્ય કેન્દ્રો અને ઉત્કૃષ્ટતા કેન્દ્રો શરૂ કરાશે.

આ યોજનાઓ અને આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યના યુવાનો માટે અંદાજે 280 લાખ નવા રોજગારીના અવસરો ઉપલબ્ધ થશે.

# CM VGRC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશમાં સૌર ઉર્જાનો પાયો ઉત્તર ગુજરાતની ધરતી પર નખાયો છે.

મહેસાણામાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ-VGRCમાં ઉર્જા આત્મનિર્ભરતા અંગેના પરિસંવાદ અને પુરસ્કાર સમારોહને સંબોધતા શ્રી પટેલે જણાવ્યુ, ગુજરાતે સૌર ઊર્જાની સાથે પવન ઉર્જા ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમણે ઉમેર્યું, રાજ્યમાં ત્રણ લાખ સોલાર પેનલનું ઇન્સ્ટોલેશન કરાયું છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# VGRC GAJENDRASINH

કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું, ઉત્તર ગુજરાત, સમગ્ર દેશમાં ઇતિહાસ, સ્થાપત્ય અને પુરાતત્વમાં સૌથી સમૃદ્ધ છે, આ પ્રદેશના વડનગર, મોઢેરા અને દેવની મોરી ઉત્તર ગુજરાતના સમૃદ્ધ વારસાનું જતન કરે છે.

મહેસાણામાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દરમિયાન ઉત્તર ગુજરાતને વૈશ્વિક પ્રવાસન નકશા પર સ્થાપિત કરતાં સેમિનારમાં તેમણે જણાવ્યુ, ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં વિકાસ અને પુનઃસ્થાપના પ્રોજેક્ટ્સમાં 8 થી 10 હજાર કરોડ રૂપિયા સુધીનું રોકાણ થઈ રહ્યું છે, જેમાં અંબાજી ખાતેના મહત્વાકાંક્ષી 1600 કરોડ રૂપિયાના પુનઃસ્થાપના કાર્ય અને વડનગરમાં નોંધપાત્ર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

# PRALHAD JOSHI VGRC

કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોશીએ કહ્યું, સમગ્ર દેશમાં પુન:પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. દેશમાં પેદા થતી કુલ પુન:પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રમાંથી ત્રીજા ભાગની ઊર્જા માત્ર ગુજરાત ઉત્પન્ન કરે છે.

મહેસાણામાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ-VGRCમાં ઉર્જા આત્મનિર્ભરતા અંગેના પરિસંવાદ અને પુરસ્કાર સમારોહને સંબોધતા શ્રી જોશીએ મોઢેરાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું, ભારતે વર્ષ 2030 સુધીમાં 100 ગીગા વોટ પુન:પ્રાપ્ય ઉર્જા પેદા કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

(બાઇટ: પ્રલ્હાદ જોશી - કેન્દ્રીય મંત્રી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# VAISHNAV AHMEDABAD

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદમાં બુલેટ ટ્રેન પરિયોજનાની કામગીરીનું નિરીક્ષણ કર્યું.

તેમણે સાબરમતી ખાતે સાબરમતી હાઈ સ્પીડ રેલવે મથક, મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ અને રોલિંગ સ્ટોક ડેપો પર ચાલી રહેલા કામોની પણ સમીક્ષા કરી. શ્રી વૈષ્ણવે વડનગર સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું હતું.

# BJP VISHWAKARMA

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા આજે શક્તિપીઠ અંબાજી ખાતે માતાજીના દર્શન કરશે. દરમિયાન તેઓ હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત વેપારીઓ સાથે મુલાકાત કરશે.

આ ઉપરાંત તેઓ બનાસ કમલમ ખાતે જિલ્લા ભાજપ દ્વારા યોજાનાર અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# VIKAS SAPTAH DIST

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી ચાલી રહી છે, ત્યારે પંચમહાલ જિલ્લામાં *“જનવિશ્વાસ, સેવા અને સમર્પણના ૨૪ વર્ષ”* ના અવસરે ઘોઘંબા

પ્રાથમિક શાળા ખાતે આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડીંડોરના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે રૂપિયા 44 લાખથી વધુના 23 વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને રૂપિયા 17 લાખના 14 કામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ.

આ ઉત્સવ દરમિયાન અમરેલી જિલ્લાના ચીખલીમાં લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરાયું. વણોટ, સાકરપરા સહિતની ગ્રામ પંચાયતોને વિવિધ વિકાસકામોના વર્કઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા.

છોટાઉદેપુર ખાતે વિકાસ પદયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા સાંસદ જશુભાઈએ આ મુજબ જણાવ્યું.....

(બાઇટ– જશુભાઇ રાઠવા)

દરમિયાન રાજકોટ જિલ્લામાં કુલ 21.23 કરોડ રૂપિયાની રકમના કુલ 283 વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાયા.

## WEATHER FORECAST

ઓક્ટોબરમાં રાજ્યનું લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઉપર રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવે ચોમાસાની વિદાયની ગતિવિધિ શરૂ થશે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે દાસે જણાવ્યુ કે, ચાલુ માસે સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહત્તમ તાપમાન સામાન્યથી ઊંચું રહેશે.

(બાઇટ : ડૉ. એ. કે દાસ, નિયામક)

## DAMAN ELECTION

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલીમાં નગરપાલિકા, ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્રશાસિત પ્રદેશ ચૂંટણી કમિશનર સુધાંશુ પાંડેએ જણાવ્યુ કે, આ ચૂંટણી અંતર્ગત મતદાન પાંચ નવેમ્બરે થશે. નગરપાલિકા, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયત માટે 17 ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

ઉમેદવારી પત્રોની ચકાસણી 18 ઓક્ટોબરે થશે, જ્યારે 20 ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકશે. આ ચૂંટણી અંતર્ગત 11 ઓક્ટોબરે મતગણતરી થશે.

## SCATTING

મહારાષ્ટ્રમાં યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં અમદાવાદની ખાનગી શાળાના ધ્યેય શાહે 19 વર્ષની નીચેના વયજૂથમાં એક હજાર મીટર રેસમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

આ રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ, કર્ણાટક સહિતના રાજ્યોમાંથી 400 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

## DANG AADI KENDRO

ડાંગ જિલ્લામાં કર્મયોગી અભિયાન અંતર્ગત 222 જેટલા આદિસેવા કેન્દ્ર શરૂ કરાયા છે, જેમાં આહવા તાલુકાના 72, વઘઇના 66, સુબીર 84, ગામોનો સમાવેશ કરાયો છે.

આ કેન્દ્રોમાં ફરિયાદ નિવારણ, કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનું વિશ્લેષણ, ગ્રામજનોને ખૂટતી સુવિધાઓની પૂર્તિ સાથે અધિકારીઓએ દર અઠવાડિયે એક કલાકની સેવાઓ આપવાની રહેશે.

...................................